# જામનગર ઔદ્યોગિક અદાલત ખાતે દાખલ થયેલ

# અરજી (ઈ.એસ.આઈ.)નંબર ૧/૨૦૨૫

## –:: આંક–૨ નીચે હુકમ ::–

**(૧)** આ કામમાં અરજદાર સંસ્થાએ ઈ.એસ.આઈ. એકટની કલમ ૭૫ થી ૭૮ હેઠળ આંક–૧ની અરજી દાખલ કરેલ છે અને તેની સાથે હાલની આંક–૨ વાળી વચગાળાની અરજી કરી મનાઈ હુકમની માંગણી કરેલ છે. હાલની અરજીમાં અરજદાર સંસ્થાએ દાદ માંગેલ છે જેમાં સામાવાળા કે તેમના કોઈ અધિકારી કે એસઆઈનીઓ કે એજન્ડો કે અન્ય કોઈ વ્યકિત તેમની સંસ્થા પાસેથી ઈ.એસ.આઈ.ના કાયદા હેઠળ કોઈપણ ફાળા વસુલ કરેલ નહી કે કરાવેલ નહી કે તેની મુળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી વસુલાત કે ફોજદારી કે અન્ય કોઈપણ પ્રકારના પ્રોસીડીંગ્ઝ કોઈ પણ કોર્ટ સમક્ષ તેમની સંસ્થા સામે દાખલ કરે નહી કે ચલાવે નહી તે મુજબનો મનાઈ હુકમ ફરમાવવા તથા અન્ય યોગ્ય લાગે તે પ્રકારની દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** સદરહુ અરજી મુળ અરજી સાથે ઔદ્યોગિક અદાલત, જામનગર ખાતે દાખલ થતા અને જામનગર ઔદ્યોગિક અદાલત ખાતે કોઈ પ્રીસાઈડીગ ઓફીસર ઉપલબ્ધ ન હોય અને તે કોર્ટનો જયુડીશીયલ ચાર્જ ઔદ્યોગિક અદાલત, રાજકોટ ખાતે મહેરબાન પ્રેસીડન્ટ સાહેબશ્રી ઔદ્યોગિક અદાલત, અમદાવાદના કચેરી આદેશ અન્વયે સુપ્રત કરવામાં આવેલ હોય જેથી અમારા પુરોગામીશ્રીએ અરજદાર સંસ્થાની અરજીને રજીસ્ટરે દાખલ લેવાનો તથા સામાવાળાની સામે નોટીસ તથા કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.

**(૩)** આ કામમાં અરજદાર સંસ્થાની આંક–૧ તથા હાલની મનાઈ હુકમ અરજીના કથનો સંક્ષિપ્તમાં જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે તેમની સંસ્થા જામનગર જીલ્લા મુકામે જીલ્લા સ્થળે જરૂરીયાત મુજબ સીકયોરીટી સર્વીસ અને મેનપાવર સપ્લાયની કામગીરી કરે છે. તેમની સંસ્થાને ઈ.એસ.આઈ.નો કાયદો લાગુ પડે છે અને ઈ.એસ.આઈ.કોડ નંબર ધરાવે છે. વધુમાં જણાવે છે કે, સામાવાળા કોર્પોરેશને સદર કાયદાની કલમ ૪૫(એ) હેઠળનો હુકમ કરેલ નથી કે તેવો હુકમ

તેની સંસ્થાને આપેલ નથી. વધુમાં જણાવેલ છે કે તેમની સંસ્થા જામનગર જીલ્લા મુકામે નાના પાયે સીકયોરીટી લગત કામકાજ કરે છે અને તેમને ત્યાં આશરે ૫ થી ૬ કામદારો ફરજ બજાવે છે. તેમની સંસ્થા તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ શરૂ કરેલ અને સંસ્થા પાસે તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજથી કોઈપણ જાતની કામગીરી ન હોવાથી તેમનો જી.એસ.ટી.નંબર કેન્સલ કરાવી નાખેલ હોય તેથી પણ સામાવાળા તરફથી આપવામાં આવેલ સી.પી.૨ હેઠળની રીકવરી નોટીસ રદ થવાપાત્ર છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા કોર્પોરેશન દ્વારા કયારેય પણ તેમની સંસ્થામાં ઈન્સપેકશન કે વીઝીટ કરેલ નથી. વધુમાં, તેમની સંસ્થાને જે સાઈટ ઉપર કામગીરી ચાલતી હતી તેના હાજરી પત્રક, પગાર રજીસ્ટર તેઓ દ્વારા જે તે સમયે સામાવાળાને આપેલ હતા અને તેઓને જણાવેલ કે જામનગર શહેરની હદ બહાર જેમકે, હાપા, ફેસ ૩, દરેડ તેમજ સીકકા કંપની ગેસ્ટ હાઉસ ખાતે જે તે સમયે સાઈટ ઉપર કામકાજ ચાલતુ હતુ પરંતુ તેમની રજુઆત સામાવાળાએ ધ્યાને લીધેલ નથી અને સી.પી. ૨ હેઠળની રીકવરી નોટીસ મોકલેલ છે. વધુમાં જણાવેલ છે કે, એપ્રીલ ૨૦૧૯ થી મે ૨૦૧૯ સુધી ૬ કામદાર હાપા ખાતે અતુલ મોટર્સમાં ફરજ બજાવતા હતા, જાન્યુઆરી ૨૦૨૦ થી ઓગસ્ટ ૨૦૨૦ સુધી દરેડ ખાતે ૫ કામદાર ફરજ બજાવતા હતા, સપ્ટેમ્બર ૨૦૨૦ થી ડીસેમ્બર ૨૦૨૦ સુધી જામનગર ખાતે ૪ કામદાર ફરજ બજાવતા હતા, જાન્યુઆરી ૨૦૨૧ થી જુન ૨૦૨૨ સુધી ૧ કામદાર સીકકા પાટીયા કંપની ગેસ્ટ હાઉસ ખાતે ફરજ બજાવતા હતા, ફેબ્રુ ૨૦૨૧ થી મે ૨૦૨૧ સુધી જામનગર ખાતે ૧ કામદાર ફરજ બજાવતા હતા અને સપ્ટેમ્બર ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ સુધી દરેડ ખાતે ૫ કામદાર ફરજ બજાવતા હતા. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેમની સંસ્થા તા.૩૧/૧૨/૨૦૧૮ થી શરૂ થયેલ હોય પરંતુ સામાવાળાએ તેઓને તા.૨૨/૦૨/૨૦૨૨ના પત્રથી તેમની સંસ્થાને તા.૦૧/૦૭/૨૦૧૬ થી ઈ.એસ.આઈ.નુ કવરેજ થતુ હોય તેમ જણાવી દિન ૧૫માં આધાર પુરાવા રજુ કરવા નોટીસ આપેલી. ત્યારબાદ તા.૧૨/૦૮/૨૦૨૨ના રોજ ઉપરોકત નોટીસના અનુસંધાને શો–કોઝ નોટીસ આપવામાં આવેલી અને તેમાં દિન ૧૫માં આધાર પુરાવા રજુ કરવા જણાવેલ. ત્યારબાદ તુરંત જ તા.૧૬/૦૮/૨૦૨૨ના રોજ સી–૧૮ એડહોક નોટીસ આપવામાં આવેલી. જેમાં જુલાઈ ૨૦૧૭ થી જુન ૨૦૨૨ સુધીની રકમ રૂા.૬,૪૭,૯૫૫/– ની માંગણી કરેલ.

ત્યારબાદ તા.૨૯/૧૨/૨૦૨૨ના રોજ કલમ ૪૫(એ) હેઠળનો હુકમ દર્શાવતો તથા ડીસેમ્બર ૨૦૧૭ થી જુન ૨૦૨૨ સુધીની રકમ રૂા.૫,૭૨,૮૮૦/– દર્શાવતો પત્ર તેઓએ મળેલ. તા.૨૦/૦૩/૨૦૨૩ના રોજ ફરીથી સામાવાળા કોર્પોરેશને તેઓની સંસ્થાને ઈ.એસ.આઈ. કવરેજની તારીખ બદલીને સંસ્થાનુ કવરેજ તા.૦૧/૦૭/૨૦૧૭ થી થતુ હોય તેમ જણાવેલ અને ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૦૩ના રોજથી સી.પી. ૨ હેઠળ રકમ રૂા.૭,૭૨,૩૫૨/– ની ડીમાન્ડ કરતી નોટીસ આપેલી. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા તરફેથી સી–૧૮ એડહોક નોટીસ અને કલમ ૪૫(એ) હેઠળનો હુકમ કરતી વખતે કોઈપણ આધાર પુરાવા વગર કે કોઈ ન્યાયીક પ્રક્રિયા કર્યા વગર અને અરજદાર સંસ્થાને કોઈપણ બચાવની તક આપ્યા વગર કે સાંભળ્યા વગર એકતરફી રીતે કરેલ છે અને તેથી સી.પી.૨ હેઠળની નોટીસની કાર્યવાહી એકતરફી કરી સંસ્થાને માનસિક, આર્થિક અને સામાજિક રીતે નુકસાન કરેલ છે. વધુમાં સામાવાળા કોર્પોરેશને તેમાં દર્શાવેલ રકમની ગણતરી કયા આધારે કરી તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

હાલની અરજીમાં અરજદારે મુળ અરજીને એક ભાગ ગણવા તથા તેમાં દર્શાવેલ કારણો ધ્યાને લેવા અરજ કરેલ છે. વધુમાં, ઈ.એસ.આઈના કાયદાના અમલ અંગે ઉભી કરેલ તકરારનો કોઈ અર્થ રહે નહી અને તેમની સંસ્થાને રૂપીયામાં ન પુરી શકાય તેવુ પારાવાર નુકસાન જાય તેમ છે તેવુ કથન કરેલ છે. જેથી તેમનો પ્રાઈમાફેઈસી કેસ હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ તેમની તરફેણમાં હોય તેમ જણાવી વચગાળાની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. અરજદાર સંસ્થાએ અરજી સાથે આંક–૪ના લીસ્ટમાં કુલ ૭ દસ્તાવેજો રજુ રાખેલ છે.

**(૪)** આ કામમાં સામાવાળા કોર્પોરેશનને નોટીસ બજી જતા તેઓએ હાજર થઈ આંક–૧૩ થી મુળ અરજી તથા વચગાળાની અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, કાયદાની અમલવારી માટે અરજદારનુ મુખ્ય નોંધાયેલ સરનામુ જયાં પણ હોય ત્યાં તેમનો કાયદો લાગુ પડે અને તે સંસ્થાને ઈ.એસ.આઈ.ના કાયદા મુજબનો કોડ લેવો ફરજિયાત હોય છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારે તેમની સમક્ષ સંસ્થા ચાલુ થયાથી કોઈ રેકર્ડ સબમીટ કરેલ નથી કે તપાસવા આપેલ નથી. અરજદાર વિરૂધ્ધ ફાઈનલ હુકમ કરતા પહેલા સાંભળવા તથા રજુઆત કરવાની એકથી વધુ તક

આપવામાં આવે છે. અરજદાર ઈ.એસ.આઈ. કાયદાનો કોડ નંબર ધરાવતા હોય અને તેની અમલવારી કરવાની જવાબદારી હોવા છતાં કરેલ ન હોય તેથી તેમની વિરૂધ્ધ ફાળાની વસુલાત કરવાની કાર્યવાહી કરવી પડે તેમ છે. અરજદાર સંસ્થાને રેકર્ડ રજુ કરવા તા.૦૧/૦૯/૨૦૨૨, ૨૬/૦૯/૨૦૨૨ અને ૩૦/૧૧/૨૦૨૨ના રોજ તકો આપવામાં આવેલ અને ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૨૩ના રોજ સી.પી.૨ની નોટીસ આપેલ છે. અરજદારને ફાળો ભરવા સીવાય કોઈ વિકલ્પ રહેતો નથી. સામાવાળા કોર્પોરેશનએ કાયદા મુજબ રચાયેલ ઓથોરીટી છે અને જે કાયદેસર કાર્યવાહી કરવી પડે તે અરજદાર સંસ્થા સામે કરેલ છે. જેથી અરજદાર કોર્પોરેશનની કાયદા મુજબની કાર્યવાહી અટકાવી શકે નહી કે કાયદાની કોર્ટ અરજદારને તે સંદર્ભે મદદ કરી શકે નહી. જે સંસ્થાને ઈ.એસ.આઈ.નો કાયદો લાગુ પડતો હોય અને ઈ.એસ.આઈ.નો કોડ નંબર ધરાવતા હોય તેમને પોતાની પાસે કામે રાખેલ કર્મચારીના તે કાયદા મુજબના ફાળાની રકમ કાપી કોર્પોરેશનમાં જમા કરાવી તેના રીટર્ન ફાઈલ કરવાના હોય છે. માલીક સંસ્થા તે બદલ કસુર કરે તો તે ફાળાની રકમ વસુલાત સંદર્ભે કોર્પોરેશને સી–૧૮ અન્વયેની અને જરૂર પડે કલમ ૪૫(એ) હેઠળ હુકમ કરવાની કાયદાએ સતા આપેલ છે. સંસ્થા નિયત સમયમાં ફાળાની રકમ ન ભરે તો તે સંદર્ભે વ્યાજ અને પેનલ્ટી સહીતની રકમ વસુલવા અધિકૃત છે. હાલના કામમાં હુકમ કરતા પહેલા અરજદાર સંસ્થાને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ એકથી વધુ તકો આપેલ છે અને ત્યાર બાદ જ જરૂરી હુકમ કરેલ છે તેમ જણાવી સામાવાળા કોર્પોરેશને અરજદારની મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ કરેલ છે. સામાવાળા કોર્પોરેશને આંક–૧૪ના લીસ્ટથી સી.પી.૨ની નોટીસ  તથા સી–૧૮ એડહોક નોટીસને લગતા દસ્તાવેજ રજુ કરેલ છે.

**(૫)** આ કામમાં અરજદાર તથા સામાવાળાના વિધ્વાન વકીલશ્રીઓને ઝુમ પ્લેટફોર્મના માધ્યમ મારફતે વર્ચ્યુઅલી સાંભળેલ છે.

**(૬)** આ કામમાં બંને પક્ષના પરસ્પર પક્ષ નિવેદન તથા મૌખિક દલીલો ધ્યાને લેતાં, આ કામમાં એ હકીકત નિર્વિવાદીત છે કે અરજદાર સંસ્થાને ઈ.એસ.આઈ.નો કાયદો લાગુ પડે  છે અને તેમનો ઈ.એસ.આઈ.નો કોડ નંબર આંક–૧ની અરજીમાં દર્શાવેલ છે. આ કામમાં અરજદાર સંસ્થાએ એવુ કથન કરેલ છે કે તેમની સંસ્થા તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ શરૂ થયેલ હતી અને ૩૧/૧૨/૨૦૨૪ના રોજ કામગીરી

બંધ કરેલ છે અને સંસ્થામાં આશરે ૫ થી ૬ કામદારોએ વખતો વખત કામ કરેલ છે. અરજદાર સંસ્થાએ કોર્પોરેશન દ્વારા કયારેય ઈન્સપેકશન કે વીઝીટ ન કરેલ હોવાનુ કથન કરેલ છે તેમજ કલમ ૪૫(એ)મુજબનો હુકમ તેઓને ન મળેલ હોવાનુ કથન કરેલ છે. વધુમાં અરજદાર સંસ્થાએ સામાવાળા દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૨ના પત્રથી તેમની સંસ્થાને ઈ.એસ.આઈ.નુ કવરેજ તા.૦૧/૦૭/૨૦૧૬ થી લાગુ પડતુ હોવાનુ અને તા.૨૦/૦૩/૨૦૨૩ના પત્રથી સંસ્થાને કવરેજ તા.૦૧/૦૭/૨૦૧૭ થી લાગુ પડતુ હોવાનુ પરસ્પર વિરોધાભાસી કથન કરેલ હોવાની દલીલ કરેલ છે. વધુમાં, સી–૧૮ એડહોક નોટીસમાં જુલાઈ ૨૦૧૭ થી જુન ૨૦૨૨ સુધીની રૂા.૬,૪૭,૯૫૫/–ની ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનુ અને ત્યારબાદ તા.૨૯/૧૨/૨૦૨૨ના પત્ર થી ડીસેમ્બર ૨૦૧૭ થી જુન ૨૦૨૨ સુધીની રકમ રૂા.૫,૭૨,૮૮૦/–નો હુકમ કરેલ છે અને ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૨૩ના રોજ સી.પી.૨ હેઠળ રૂા. ૭,૭૨,૩૫૨/–ની રીકવરીની નોટીસ ઈસ્યુ કરેલ છે.

સામાવાળા તરફેથી તેમની દલીલમાં એવુ કથન કરેલ છે કે અરજદાર સંસ્થાને પ્રોવીડન્ટ ફંડનો કાયદો લાગુ પડતો હોય અને તે કાયદા મુજબ સંસ્થામાં ૨૦ કે તેથી વધુ કામદારો કામ કરતા હોય તેથી લાગુ પડતો હોય તે ધ્યાને લઈ કોર્પોરેશન દ્વારા સી–૧૮ એડહોક નોટીસ અને કલમ ૪૫(એ) હેઠળના હુકમમાં તે રીતે ૨૦ કામદારોના ફાળાની માંગણી કરવામાં આવેલ છે. સામાવાળાનુ આ કથન જોવામાં આવે તો તેઓએ જે માંગણી કરેલ છે અને જે હુકમ કરેલ છે તે કામદારોની સંખ્યા બાબતે અનુમાન આધારે કરેલ હોવાનુ જણાય આવે છે. તેમજ અરજદાર તરફેથી આંક–૧ની અરજીના પેરા નં. ૫ અને ૭માં કામદારોની સંખ્યા બાબતે જે કથનો કરેલ છે તેના સમર્થનમાં અરજદાર તરફેથી કોઈ સમર્થનકારક દસ્તાવેજી પુરાવા હાલની કાર્યવાહીમાં રજુ કરેલ નથી. અત્રે એ નોંધવુ જરૂરી બને છે કે અરજદાર સંસ્થાએ એવુ સ્પષ્ટ કથન કરેલ છે કે કોર્પોરેશને ઈ.એસ.આઈ.ના કાયદાનુ કવરેજ જે તારીખથી થાય છે તેમાં પરસ્પર વિરોધાભાસી કથન કરેલ છે. વધુમાં, કોર્પોરેશન દ્વારા તેમની સંસ્થાનુ કયારેય ઈન્સપેકશન કે વીઝીટ ન કરેલ હોવાનુ પણ જણાવેલ છે તેમજ તેમની સંસ્થાને કલમ ૪૫(એ) હેઠળનો હુકમ નહી મળેલ હોવાનુ કથન કરેલ છે અને તેવા કોઈ હુકમની નકલ પણ હાલની કાર્યવાહીમાં અરજદાર સંસ્થાએ રજુ કરેલ નથી. આ સંજોગોમાં સામાવાળા કોર્પોરેશનની એ જવાબદારી બનતી હતી

કે અરજદારે જે કથન કરેલ છે તે હકીકત થી વીપરીત છે તેવુ પુરવાર કરવા માટે કોર્પોરેશનના અધિકારીએ સામાવાળી સંસ્થામાં કરેલ વીઝીટ અને ઈન્સપેકશનને લગતા દસ્તાવેજો તેમજ કલમ ૪૫(એ) હેઠળનો હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય અને ન્યાયી છે તેવુ પુરવાર કરવા માટે તેવા હુકમની નકલ રેકર્ડ ઉપર રજુ કરવી જોઈતી હતી. અત્રે એ નોંધવુ જરૂરી બને છે કે સામાવાળા કોર્પોરેશે આંક–૧૪થી જે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે તેમાં અગાઉ ક્રમ ૧ ઉપર સામાવાળાની વીઝીટ નોટ અને ક્રમ ૪ ઉપર સામાવાળાનો કલમ ૪૫(એ) હેઠળનો હુકમનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ ત્યારબાદ તે બંને દસ્તાવેજની વિગતને પેનથી લીટો કરી કેન્સલ કરેલ છે અને અરજદારે સી.પી.રની નોટીસ અને સી–૧૮ની નોટીસને લગતા જે દસ્તાવેજો રજુ કરેલ છે તે બે દસ્તાવેજ રજુ કરેલ છે. આ બે દસ્તાવેજો જોવામાં આવે તો તે અરજદારે અગાઉ આંક–૪ના લીસ્ટથી જે દસ્તાવેજો નિશાની ૪ અને ૭ થી રજુ કરેલ હતા તેની ઝેરોક્ષ નકલ જ છે કારણકે, આંક–૧૪ના તે બંને દસ્તાવેજમાં અગાઉની નિશાનીના નંબર સ્પષ્ટપણે જણાય આવે છે. આમ, જોવામાં આવે તો કોર્પોરેશને માત્ર લેખિત જવાબ રજુ કરેલ હોવાનુ જણાય આવે છે અને તેમના કબજામાં રહેલ મહત્વના દસ્તાવેજો જેમકે, ઈન્સપેકશન/વીઝીટ નોંધ અને કલમ ૪૫(એ) હેઠળનો હુકમ રજુ રાખેલ નથી. આમ જયારે કોર્પોરેશને સામાવાળી સંસ્થાને ઈ.એસ.આઈ.ના કાયદાની કવરેજ જે તારીખે થાય છે તે તારીખ બાબતે પરસ્પર વિરોધાભાસી કથન કરતા પત્રો મોકલેલ હોવાનુ તેમજ ફાળાની રકમ બાબતે કામદારોની સંખ્યા અનુમાન આધારે ઘ્યાને લીધેલ હોવાનુ જણાય આવતુ હોય તે સંજોગોમાં તે  બાબતો હકીકતના મુદા સંદર્ભેની તકરારી બાબતો હોય તેથી તે તકરારી બાબતો આધારે પસાર કરેલ હુકમ અને તે સંદર્ભે શરૂ કરેલ રીકવરી અંગેની કાર્યવાહીને જો મોકુફ રાખવામાં ન આવે તો અરજદાર સંસ્થાને બિનજરૂરી મુશ્કેલીઓ અને અગવડતાઓ ઉત્પન્ન થાય તેમ છે. વધુમાં, અરજદાર સંસ્થાએ કાયદાની જોગવાઈ મુજબ હાલની કાર્યવાહી કરેલ હોય તેનો કોઈ અર્થ ન રહે તેવુ બને તેમ છે. સાથોસાથ જયારે અરજદાર સંસ્થાને ઈ.એસ.આઈ.નો કાયદો લાગુ પડતો હોવાનુ સંસ્થાએ એડમીટ કરેલ હોય ત્યારે કલમ ૭૫ની પેટા કલમ ૨(બી) ઘ્યાને લેવી જરૂરી બને છે અને તે મુજબ મુખ્ય માલીક અને કોર્પોરેશન વચ્ચે કોઈ ફાળા કે અન્ય કોઈ લેણી રકમ બાબતેનો વિવાદ હોય અને તેવા વિવાદ

સંદર્ભે જયાં સુધી મુખ્ય માલીક ઈ.એસ.આઈ.કોર્ટ સમક્ષ ડીમાન્ડ કરેલ રકમની ૫૦ ટકા રકમ કોર્ટમાં જમા કરાવે નહી ત્યાં સુધી તેવો વિવાદ ઉપસ્થિત કરી શકશે નહી. તે પેટા કલમ ૨(બી)નો પરંતુક જોવામાં આવે તો કોર્ટને લેખિતમાં કારણો આપી તેવી રકમ ડીપોઝીટ કરવામાંથી મુકિત આપવાથી અથવા તો ઓછી રકમ ડીપોઝીટ કરવાની મુનસફી પ્રકારની પણ સતા આપવામાં આવેલ છે. હાલના કેસમાં આગળ કરેલ ચર્ચા મુજબ ઈ.એસ.આઈ. કોર્પોરેશન દ્વારા અરજદાર સંસ્થાને જે તારીખથી કાયદાનુ કવરેજ લાગુ પડે છે તે બાબત તથા સંસ્થામાં ચોકકસ કેટલા કામદારો છે તે બાબત જયારે તકરારી બાબત હોય અને કોર્પોરેશન દ્વારા માત્ર અનુમાન આધારે કામદારોની સંખ્યા ૨૦ ધ્યાને લઈને હુકમ કરેલ હોવાનુ જણાય આવતુ હોય તેમજ તેવો કોઈ હુકમ કે વીઝીટ નોંધને લગતા દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેથી આ તબકકે અરજદાર સંસ્થાને સી.પી.૨ હેઠળ ડીમાન્ડ કરેલ રકમ કે જે રૂા.૭,૭૨,૩૫૨/– છે તેના ૫૦ ટકા જમા કરવાનો હુકમ કરવાથી અરજદાર સંસ્થાને આ તબકકે આર્થિક મુશ્કેલી વેઠવી પડે તેમ છે તે સંજોગોમાં તે મુજબનો હુકમ ન કરી અરજદાર સંસ્થાએ તે રકમની ૨૫ ટકા રકમ કોર્ટમાં જમા કરાવ્યેથી અથવા તેટલી રકમની બેંક ગેરેંટી મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધીના સમયગાળાની રજુ કરવાનો હુકમ કરી સામાવાળા દ્વારા ઈસ્યુ કરેલ રીકવરી નોટીસ સંદર્ભે મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો ન્યાયનુ હીત સમગ્ર રીતે જળવાઈ રહે તેમ છે. આમ, ઉપરોકત વિગતે કરેલ સમગ્ર ચર્ચા ધ્યાને લઈ હાલની વચગાળાની અરજીમાં નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હીતમાં કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આ કામમાં અરજદાર સંસ્થાની હાલની આંક–૨ વાળી વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામમાં ઈ.એસ.આઈ. કોર્પોરેશન દ્વારા ઈસ્યુ કરેલ સી.પી.૨ હેઠળની રીકવરી નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૭,૭૨,૩૫૨/–ની ૨૫ ટકા રકમ અરજદાર સંસ્થાએ આ હુકમ તારીખથી દિન ૩૦માં અત્રેની કોર્ટ સમક્ષ જમા કરાવ્યેથી અથવા તો તેટલી રકમની બેંક ગેરેંટી મુળ આંક–૧ની અરજીનો આખરી હુકમ થતા સુધીના સમયગાળાની રજુ કર્યેથી, સામાવાળા કોર્પોરેશન સામે સી.પી.૨

મુજબની ઈસ્યુ કરેલ નોટીસ સંદર્ભેની કાર્યવાહી સામે મુળ અરજીનો નિકાલ થતા સુધી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે. આ રીતે જો અરજદાર સંસ્થા ઉપર જણાવેલ હુકમ મુજબની અમલવારી કરે તો સામાવાળા કોર્પોરેશનએ મુળ અરજીનો નિકાલ  ન થાય ત્યાં સુધી અરજદાર સંસ્થા સામે સી.પી.રની રીકવરી નોટીસ મુજબની કોઈ કાર્યવાહી ન કરવી તેવો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) અરજદાર સંસ્થાએ હાલના કેસમાં તેમના તરફેથી જે કાંઈ મૌખિક કે લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરવાના થતા હોય તે હવે પછીની મુદતે વીના વિલંબે અચુકપણે રજુ કરવાન રહેશે.

હુકમ આજરોજ તા.૨૨મી ઓગસ્ટ સને ૨૦૨૫ના રોજ ઝુમ પ્લેટફોર્મના માધ્યમથી વર્ચ્યુઅલી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી તથા સહી કરી જાહેર કર્યો.

**(પી.એ.માલવિયા)**
**(કોડ : જીજે ૦૦૮૩૭)**
**ઈન્ચાર્જ જજ**
**કામદાર રાજય વીમા અદાલત,**
**રાજકોટ.**

**સ્થળ : રાજકોટ**
**વર્ચ્યુઅલી : જામનગર**
**તારીખ : ૨૨/૦૮/૨૦૨૫**